---

# અમદાવાદના મહેરબાન એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૨ માં

---

**ક્રિ.કેસ નં. ૧૧૫૯/૨૦૦૬**

**<u>આંક.૧ લગત હુકમ</u>..**

**<u>ગુનો:–ઈ.પી.કો.કલમ–૩૦૪(અ), ૨૭૯, એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ</u>**

(૧) કેસનું રેકર્ડ અને પ્રોસીડીંગ્સ ધ્યાને લીધા, આ કામે આરોપી સામે તપાસ કરનાર અમલદારે ઈ.પી.કો.ની કલમ– ૩૦૪(અ), ૨૭૯, એમ.વી.એકટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨). ચાર્જસીટ રજુ થયા બાદ આ કામના આરોપીને અવારનવાર ચાર્જસીટના જણાવેલ સરનામે સમન્સો પ્રોસેસ કાઢવામાં આવેલ છે. પરંતુ આજ દિન સુધી આરોપીને કોર્ટના પ્રોસેસની બજવણી થયેલ નથી. પોલીસ એજન્સીને આ કોર્ટ ધ્વારા પ્રોસેસની બજવણી કરવા માટે પુરતી તક આપેલ છે છતાં ૧૦ વર્ષ ઉપરાંતના સમયથી પોલીસ એજન્સી આરોપીને કોર્ટ સમક્ષ રજુ રાખવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે. વળી એટલું જ નહી પ્રોસીકયુશન પક્ષે તપાસ કરનાર અમલદારે આ કામે આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ– ૮૧ થી ૮૩ સુધીના પ્રોસીડીગ્સ કરવાની કોઈ દાદ ગુજારેલ નથી. અને તે તમામ હકીકત જોતા આ કામે તપાસ કરનાર અમલદાર અને પોલીસ એજન્સી આરોપીને કોર્ટ સમક્ષ હાજર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોવાનું ફલિત થાય છે અને કેસ ઘણો જુનો છે અને તેને રાખી મુકવામા આવે તો પણ કોઈ ફળદાયી પરીણામ મળવાની શકયતાઓ જણાતી નથી કે નજીકના ભવિષ્યમાં પોલીસ એજન્સી આરોપીને રજુ કરી શકે તેવી પણ કોઈ શકયતાઓ આ કોર્ટને જણાતી નથી, આ કોર્ટ ધ્વારા સદર કામ ઘણાં સમયથી ડી.એફ. ફાઈલ પર મુકવામા આવેલ અને નિયમ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હોવા છતાં કોઈ ફળદાયી પરીણામ મળેલ નથી અને તે તમામ હકીકત નિગાહે લેતા તથા સી.આર.પી.સી. ૨૫૮ ની જોગવાઈઓને માનસહ ધ્યાને લેતા ફરીયાદ ઉપરથી હોય તે સિવાય માડેલા કોઈ પણ સમન્સ કેસમાં લેખિત કારણોની નોંધ કરી કોર્ટ ફેસલો સંભળાવ્યા સિવાય કાર્યવાહીના કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ કરી શકશે.

(૩). ઉપરોકત જોગવાઈ માનસહ વંચાણે લેતા હાથ પરનો કેસ પણ સમન્સ ટ્રાયેબલ છે અને પોલીસ રીપોર્ટ પરથી શરુ થયેલ છે અને પોલીસ એજન્સીને પુરતી તક આપવામાં આવેલ હોવા છતાં પોલીસ એજન્સી આરોપીને કોર્ટ સમક્ષ રજુ કરી શકેલ નથી અને આ બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ નજરે લેતા નામદાર સર્વોચ્ચ અદાલતે પી.રામારાવના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત જોતા,,,

<u>"P. Ramachandra Rao V/s. State of Karnataka"</u> AIR 2002 SC 1856 (Coram: S.P. BHARUCHA, C.J.I., S.S.M. QUADRI, R.C. LAHOTI, N. SANTOSH HEGDE, DORAISWAMY RAJU, Mrs. RUMA PAL, A. PASAYAT, JJ.) The Honorable Supreme Court while commenting upon right to speedy justice observed:
21A. Is it at all necessary to have limitation bars terminating trials and proceedings? Is there no effective mechanisms available for achieving the same end? The Criminal Procedure Code, as it stands, incorporates a few provisions to which resort can be had for protecting the interest of the accused and saving him from unreasonable prolixity or laxity at the trial amounting to oppression. Section 309, dealing with power to postpone or adjourn proceedings, provides generally for every inquiry or trial, being proceeded with as expeditiously as possible, and in particular, when the

examination of witnesses has once begun, the same to be continued from day to day until all the witnesses in attendance have been examined, unless the Court finds the adjournment of the same beyond the following day to be necessary for reasons to be recorded. Explanation-2 to Section 309 confers power on the Court to impose costs to be paid by the prosecution or the accused, in appropriate cases, and putting the parties on terms while granting an adjournment or postponing of proceedings. This power to impose costs is rarely exercised by the Courts. Section 258, in Chapter XX of Cr.P.C., on Trial of Summons-cases, empowers the Magistrate trying summons cases instituted otherwise than upon complaint, for reasons to be recorded by him, to stop the proceedings at any stage without pronouncing any judgment and where such stoppage of proceedings is made after the evidence of the principal witnesses has been recorded, to pronounce a judgment of acquittal, and in any other case, release the accused, having effect of discharge. This provision is almost never used by the Courts. In appropriate cases, inherent power of the High Court, under Section 482 can be invoked to make such orders, as may be necessary, to give effect to any order under the Code of Criminal Procedure or to prevent abuse of the process of any Court, or otherwise, to secure the ends of justice. The power is wide and, if judiciously and consciously exercised, can take care of almost all the situations where interference by the High Court becomes necessary on account of delay in proceedings or for any other reason amounting to oppression or harassment in any trial, inquiry or proceedings. In appropriate cases, the High Courts have exercised their jurisdiction under Section 482 of Cr.P.C. for quashing of first information report and investigation, and terminating criminal proceedings if the case of abuse of process of law was clearly made out. Such power can certainly be exercised on a case being made out of breach of fundamental right conferred by Article 21 of the Constitution. The Constitution Bench in A.R. Antulay's case referred to such power, vesting in the High Court (vide paras 62 and 65 of its judgment) and held that it was clear that even apart from Article 21, the Courts can take care of undue or inordinate delays in criminal matters or proceedings if they remain pending for too long and putting to an end, by making appropriate orders, to further proceedings when they are found to be oppressive and unwarranted.(emphasis supplied)

29. For all the foregoing reasons, we are of the opinion that in Common Cause case (I) (1996 AIR SCW 2279 : AIR 1996 SC 1619 : 1996 CriLJ 2380) (as modified in Common Cause (II) 1997 AIR SCW 290 : AIR 1997 SC 1539 : 1997 Cri LJ 195 (1998 AIR SCW 3208 :AIR 1998 SC 3281: APP8Cri LJ 4596) and Raj Deo Sharma (I) and (II) (1999 AIR SCW 3522 : AIR 1999 SC 3524 : 1998 Cri LJ 4541), the Court could not have prescribed periods of limitation beyond which the trial of a criminal case or a criminal proceeding cannot continue and must mandatorily be closed followed by an order acquitting or discharging the accused. In conclusion we hold:-

(1) The dictum in A.R. Antulay's case is correct and still holds the field.

In "Panajkumar V/s. State of Maharastra" AIR 2008 SC 3077 (Coram : C. K. Thakker and D.K. Jain JJ.) the Honorable Supreme Court , while relying upon the aforesaid judgment, observed:

16. Notwithstanding elaborate enunciation of Article 21 of the Constitution in Abdul Rehman Antulay (supra), and rejection of the fervent plea of proponents of right to speedy trial for laying down time-limits as bar beyond which a criminal trial shall not proceed pronouncements of this Court in "Common Cause" A Registered Society Vs. Union of India (UOI) & Ors.12, "Common Cause", A Registered Society Vs. Union of India & Ors.13, Raj Deo Sharma Vs. State of Bihar14 and Raj Deo Sharma II Vs. State of Bihar15 gave rise to some confusion on the question whether an outer time limit for conclusion of criminal proceedings could be prescribed whereafter the trial court would be obliged to terminate

the proceedings and necessarily acquit or discharge the accused. The confusion on the issue was set at rest by a seven-Judge Bench of this court in P. Ramachandra Rao Vs. State of Karnataka16. Speaking for the majority, R.C. Lahoti, J. (as his Lordship then was) while affirming that the dictum in A.R. Antulays case (supra) is correct and still holds the field and the propositions emerging from Article 21 of the Constitution and expounding the right to speedy trial laid down as guidelines in the said case adequately take care of right to speedy trial, it was held that guidelines laid down in the A.R. Antulays case (supra) are not exhaustive but only illustrative. They are not intended to operate as hard and fast rules or to be applied like a strait-jacket formula. Their applicability would depend on the fact-situation of each case as it is difficult to foresee all situations and no generalization can be made. It has also been held that it is neither advisable, nor feasible, nor judicially permissible to draw or prescribe an outer limit for conclusion of all criminal proceedings. Nonetheless, the criminal courts should exercise their available powers such as those under Sections 309, 311 and 258 of CrPC to effectuate the right to speedy trial. In appropriate cases, jurisdiction of the High Court under Section 482 CrPC and Articles 226 and 227 of the Constitution can be invoked seeking appropriate relief or suitable directions. The outer limits or power of limitation expounded in the aforenoted judgments were held to be not in consonance with the legislative intent. "(emphesis supplied) Accordingly, in the opinion of the Court, in the light of the above cited judgments, the court needs to exercise its power under section 258 of Cr.P.C. to make the end of justice.

(૪). આમ, ઉપરોકત બંને ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો લક્ષમાં લેતા અને હાથ પરના કેસની સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં, હાથ પરના કેસમાં સી.આર.પી.સી. કલમ–૨૫૮ નો ઉપયોગ કરવા માટેના પુરતા અવકાશ છે અને તેનાથી ન્યાયનો હેતુ જળવાશે અને ડેડ વુડ કેસોનું ભારણ પણ ઓછુ થશે તેમજ પોલીસ મશીનરી યોગ્ય દિશામાં કાર્યવાહી કરી શકશે, તેમજ આજરોજ ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પરિપત્ર અન્વયે નામદાર ચેરમેનશ્રી, લીગલ સર્વીસ કમિટિ, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદના **નોટીફીકેશન નંબરઃ ૨/૨૦૧૯ તાઃ૬/૯/૨૦૧૯** ધ્વારા સ્પેશ્યલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ હોય જેથી ન્યાયના હીતને ધ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

<u>**હુ ક મ**</u>

**(૧).** સદર કેસની આગળની કાર્યવાહી હાલના તબકકે સી.આર.પી.સી. કલમ–૨૫૮ ની જોગવાઈઓને અંતગર્ત સ્ટોપ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને ડીસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં આવે છે. પોલીસ એજન્સી આરોપી મળી આવેથી આગળની કાર્યવાહી કરવા માટે જરુરી કાર્યવાહી હાથ ધરી શકશે.

હુકમ આજ રોજ સ્પેશ્યલ સીટીંગ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૧૪/૯/૨૦૧૯
અમદાવાદ

(એમ.વાય.રાધનપુરવાલા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨, અમદાવાદ
જી.જે.૦૦૭૩૪